# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬૯ તા.૧૧-૧૨-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- પ્રાથમિક શાળાના શિક્ષકોને 'પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર' થી પ્રોત્સાહિત કરવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/જ/રાજ્ય એવોર્ડ/૨૦૨૪/ ૨૭૫૫-૨૮૦૩ તા.૦૭-૧૨-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, પ્રાથમિક શાળાઓમાં ઉત્તમ શૈક્ષણિક કાર્ય કરતા, શાળાકીય સહઅભ્યાસિક પ્રવૃત્તિ, નાવિન્યપૂર્ણ પ્રયોગો, સામાજીક યોગદાન વગેરેમાં સક્રીય હોય તેવા શિક્ષક/મુખ્ય શિક્ષકને પ્રોત્સાહિત કરવા માટે શિક્ષણ વિભાગના ઠરાવથી પ્રાથમિક શાળાના શિક્ષકોને 'પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર' થી પ્રોત્સાહિત કરવા અંગેની યોજના અમલમાં છે. પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર ઈચ્છુક શિક્ષકોએ સી.આર.સી.કો.ઓ. ને પોતાની દરખાસ્ત રજૂ કરવા જણાવવામાં આવે છે.

સી.આર.સી.કો.ઓ.એ પોતાના કલસ્ટરની રજૂ થયેલ તમામ દરખાસ્ત યુ.આર.સી.કો.ઓ.ને મોકલી આપવાની રહેશે. યુ.આર.સી.કો.ઓર્ડિનેટરે નીચે જણાવ્યા મુજબના પોતાના ઝોન માટે અત્રેની કચેરી દ્વારા નોડલ અધિકારી તરીકે નિયુકત કરેલ મદદનીશ શાસનાધિકારીના સંકલનમાં રહી આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ માર્ગદર્શક સૂચનાઓ ધ્યાનમાં લઈ સમયમર્યાદામાં પ્રતિભાશાળી શિક્ષકની કામગીરી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

સમગ્ર પસંદગી પ્રક્રિયાનું સંકલન ઓ.આઈ.સી.પી.એન્ડ એમ.એ કરી નિયામકશ્રીની કચેરી તથા વિદ્યાસમીક્ષા કેન્દ્ર સાથે સંકલન કરી , પ્રતિભાશાળી શિક્ષકોના પ્રમાણપત્ર મેળવી ૨૬ જાન્યુઆરીએ સંબંધિત શિક્ષકને પ્રમાણપત્ર એનાયત થાય તેવું સુચારુ આયોજન કરવા જણાવવામાં આવે છે.

| ક્રમ | યુ.આર.સી.ઝોન | નોડલ અધિકારીશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | દક્ષિણ | શ્રી દિનેશભાઈ દેસાઈ, મ.શાસનાધિકારી(દક્ષિણ-પશ્ચિમ ઝોન) |
| ૨ | પશ્ચિમ | શ્રી વિપુલભાઈ ચૌધરી, મ.શાસનાધિકારી(ઉત્તર-પશ્ચિમ ઝોન) |
| ૩ | પૂર્વ | ડૉ. નિમીષાબેન ચૌહાણ, મ.શાસનાધિકારી(પૂર્વ ઝોન) |
| ૪ | ઉત્તર | શ્રી દિલીપભાઈ પટેલ, મ.શાસનાધિકારી(ઉત્તર ઝોન) |

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૧-૧૨-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક:પ્રાશિનિ/જ/રાજય એવોર્ડ/૨૦૨૪/૨૭૫૫-૨૮૦૩
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
તા. ૦૭ /૧૨/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

વિષય:પ્રાથમિક શાળાના શિક્ષકોને "પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર" થી પ્રોત્સાહિત કરવા બાબત.
સંદર્ભ: શિક્ષણ વિભાગના તા.૨૭/૦૬/૨૦૧૯નાં ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૧૯/સી.ફા.-૧૪/ક

ઉપરક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તા.૨૭/૦૬/૨૦૧૯નાં ઠરાવ અન્વયે પ્રાથમિક શાળાના શિક્ષકોને "પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર" થી પ્રોત્સાહિત કરવા અંગેની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. સંદર્ભદર્શિત ઠરાવમાં આપેલ માર્ગદર્શક સુચનાઓને વંચાણે લઇ સમયમર્યાદામાં આ કામગીરી પૂર્ણ કરવા આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | કરવાની થતી કાર્યવાહી | સમયગાળો |
|---|---|---|
| ૧ | સી.આર.સી દ્વારા તાલુકા સમિતિ સમક્ષ "પ્રતિભાશાળી શિક્ષક" અન્વયે રજુ કરવાની થતી ત્રણ નામોની યાદી | તા.૧૭/૧૨/૨૦૨૪, મંગળવાર સુધીમાં |
| ૨ | તાલુકા સમિતિ દ્વારા ૨૦% ભારાંક માટેની મુલ્યાંકનની કાર્યવાહી કરી ક્રમ અનુસાર ત્રણ નામોની યાદી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર ગાંધીનગરને રજુ કરવાની થતી યાદીનો સમય<br>નોંધ: <u>નીચે જણાવેલ નિયત પત્રક મુજબ ઓનલાઈન હાજરી અંગેનો શિક્ષકનો યુનિક કોડ અને શાળાનો ડાયસકોડ સાથેની યાદી એક્સેલ શીટમાં રજુ કરવાની રહેશે.</u> | તા.૨૩/૧૨/૨૦૨૪, સોમવાર સુધીમાં |
| ૩ | વિદ્યા સમિક્ષા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા તાલુકા સમિતિ દ્વારા કરવામાં આવેલ ૨૦% મુલ્યાંકનની સામે ૮૦% મુજબ મુલ્યાંકન કરી એકંદરીકરણ કરી, શિક્ષકોના ત્રણ ક્રમાનુસાર નામોની યાદી, નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગાંધીનગર તથા સબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને મોકલવાનો સમય | તા.૩૦/૧૨/૨૦૨૪, સોમવાર સુધીમાં |
| ૪ | વિદ્યા સમિક્ષા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા મોકલી આપવામાં આવેલ ત્રણ પ્રતિભાશાળી શિક્ષકોના નામોની યાદી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ પુન: ચકાસણી માટે પ્રાચાર્યશ્રી સબંધિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનને મોકલવાનો સમય | તા.૦૨/૦૧/૨૦૨૫, ગુરુવાર સુધીમાં |
| ૫ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના વ્યાખ્યાતા (લાયઝન વ્યાખ્યાતા)એ પ્રતિભાશાળી શિક્ષકોની રૂબરૂ મુલાકાત લઇ પ્રતિભાશાળી શિક્ષકોનાં કાર્યની પુન:ચકાસણી કરી, ત્રણ નામો પૈકી પસંદ કરેલ એક પ્રતિભાશાળી શિક્ષકનું નામ, સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને પરત મોકલી આપવાની કાર્યવાહી | તા.૦૬/૦૧/૨૦૨૫, સોમવાર સુધીમાં |
| ૬ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના માધ્યમથી પુન:ચકાસેલ એક પ્રતિભાશાળી શિક્ષકના નામની યાદી નિયામક, પ્રાથમિક શિક્ષણની કચેરીને મોકલી આપવાનો સમયગાળો | તા.૦૮/૦૧/૨૦૨૫, બુધવાર સુધીમાં |

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના માધ્યમથી પુનઃચકાસેલ એક પ્રતિભાશાળી શિક્ષકના નામની ક્લસ્ટર વાઇઝ યાદી, નીચે દર્શાવેલ નિયત પત્રકમાં <u>શ્રુતિ ફોન્ટમાં જ તથા એક્સેલ શીટમાં જ</u> તા.૦૮/૦૧/૨૦૨૫ સુધીમાં પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરને (ptc.guj@gmail.com) તથા વિદ્યા સમિક્ષા કેન્દ્ર, ગાંધીનગરને (cccfsc19@gmail.com) ઇ-મેઇલ આઇ ડી પર સોફ્ટ કોપીમાં તથા હાર્ડ કોપીમાં મોકલી આપવાની રહેશે.

(ક્રમ :૨ તાલુકા સમિતિ દ્વારા ૨૦% ભારાંક માટેની મુલ્યાંકનની કાર્યવાહી કરી ક્રમ અનુસાર ત્રણ નામોની યાદી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર ગાંધીનગરને રજુ કરવાની થતી વિગતનું પત્રક)

| ક્રમ | જિલ્લો | તાલુકો | ક્લસ્ટરનું નામ | પ્રતિભાશાળી શિક્ષકનું નામ | સ્ત્રી/ પુરૂષ | ઓનલાઈન હાજરી મુજબનો શિક્ષકનો યુનિક આઈડી | શાળાનું નામ | શાળાનો ડાયસકોડ | શિક્ષકની વિશિષ્ટ બાબતો ત્રણ ચાર વાક્યોમાં |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | | | | | | | |

- ઉક્ત તમામ વિગતો તથા સંદર્ભિત ઠરાવ અને અત્રેની કચેરીનાં પત્ર ધ્યાને લઇ, શિક્ષકોને "પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર" આપવા અંગેની કાર્યવાહી દર્શાવેલ સમય મર્યાદામાં હાથ ધરવા તથા તમામ પ્રક્રિયાનો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.
- "પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર" છપાવવાની કામગીરી સમગ્ર શિક્ષા કચેરી દ્વારા કરવાની રહેશે. અને આ પ્રમાણપત્રો જિલ્લા કક્ષાએથી ૨૬ - મી જાન્યુઆરી ગણતંત્ર દિનની ઉજવણીના પ્રસંગે સબંધિત શિક્ષકોને આપવાના રહેશે.

માન. નિયામકશ્રીની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે.

(ડૉ. એમ. એન. પટેલ )
નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

બીડાણ:- શિક્ષણ વિભાગના તા.૨૭/૦૬/૨૦૧૯નાં ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૧૯/સી.ફા.-૧૪/ક

<u>નકલ સવિનય રવાના તથા જાણ સારૂ:-</u>

(૧) માન. અગ્ર સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), બ્લોક નં.૫/૭મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર

(૨) માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર

(3) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર.
(જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તમામને પરિપત્ર અન્વયે, જાણ તથા સૂચનાઓની અમલવારી સારૂ.)

(૪) કન્વીનરશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર

પ્રાથમિક શાળાના શિક્ષકોને "પ્રતિભાશાળી
શિક્ષક પ્રમાણપત્ર"થી પ્રોત્સાહિત કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણવિભાગ,
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૨૦૧૯/સીંફા-૧૪/ક.
તારીખ ૨૭/૦૬/૨૦૧૯

વંચાણે લીધા:

(૧). શિક્ષણ વિભાગનો તા. ૨૫/૦૬/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૨૦૧૯/ સીંફા-૧૩/ક.

(૨). નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીનીતારીખ૧૭/૦૬/૨૦૧૯ના સીંગલફાઇલથી કરેલ દરખાસ્ત ક્રમાંકઃ પ્રાશિનિ/જ/સિંગલફાઇલ/ રા.પા. માટે પ્રો.ટીચર સુધારો/૨૦૧૯/ક

પ્રસ્તાવના :-

રાજ્યની પ્રાથમિક શાળામાં ઉત્તમ શૈક્ષણિક કાર્ય કરતા હોય અને શાળાકીય સહઅભ્યાસિક પ્રવૃત્તિ, નાવિન્યપૂર્ણ પ્રયોગો, સામાજિક યોગદાન વગેરેમાં ઉત્સાહપૂર્વક સક્રિય હોય તેમજ સમાજને ઉપયોગી બની રહે તેવા પ્રાથમિક શિક્ષક/મુખ્ય શિક્ષકને પોતાને પ્રોત્સાહન મળે તેવા ઉમદા હેતુથી તેવા પ્રાથમિક શિક્ષક/મુખ્ય શિક્ષકને "પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર" આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની ક્રમાંક (૨) સામે વંચાણે લીધેલ દરખાસ્ત પરત્વે થયેલ કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ઉત્તમ શૈક્ષણિક કાર્ય કરતા હોય, શાળાકીય સહઅભ્યાસિક પ્રવૃત્તિ, નાવિન્યપૂર્ણ પ્રયોગો, સામાજિક યોગદાન વગેરેમાં સક્રિય હોય તેવા શિક્ષક/મુખ્ય શિક્ષકને પોતાને પ્રોત્સાહન મળી રહે તે હેતુથી "પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર" આપવાનુ

નક્કી કરવામાં આવેલ છે "પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર" આપવા અંગેની જોગવાઇઓ નીચે મુજબ રહેશે.

(ક) પ્રમાણપત્રની સંખ્યા

"પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર" માટે સમગ્ર રાજયના દરેક કલસ્ટર દીઠ અને દરેક સત્ર દીઠ એક શિક્ષક/મુખ્ય શિક્ષકની પસંદગી કરવાની રહેશે અને તેમને "પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર" એનાયત કરવાના રહેશે.

(ખ) પ્રતિભાશાળી શિક્ષકની પસંદગી માટેની પદ્ધતિ:

1. પ્રતિભાશાળી શિક્ષક માટે કોઇ ન્યુનતમ સેવા ધ્યાને લેવાની રહેશે નહી અને સેવાકાળ દરમિયાન એકજ વખત મળવાપાત્ર રહેશે.
2. ૧૦૦% પૈકી ૮૦% ભારાંક માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરમાં ઉપલબ્ધ ડેટામાંથી શિક્ષકની પોતાની હાજરી, તેમના ધોરણના વિદ્યાર્થીઓની હાજરી, એકમ કસોટી ગુણાંકન, ગુણોત્સવ/સ્કુલ એક્રીડીટેશન(accreditation)ના મુલ્યાંકન, સત્રાંત પરીક્ષાનું પરિણામ, વાર્ષિક પરિક્ષાનું પરિણામ વગેરે આધારીત પ્રવૃતિ પરથી મૂલ્યાંકન કરવાનુ રહેશે.
3. ૨૦% ભારાંક માટે શિક્ષક દ્વારા કરવામાં આવેલ વિશિષ્ટ કાર્યો, અન્ય કોઇપણ રીતે આપેલ સામાજિક તથા શૈક્ષણિક ફાળો તેમજ છેલ્લા પાંચ વર્ષમાં કરેલ વિશીષ્ટ કાર્યો જેવા કે રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય પ્રકાશનોમાં લેખ લખવા, વાર્ષિક મૂલ્યાંકન,શિક્ષક ઉત્સાહભેર શાળાકીય પ્રવૃતિમાં ભાગ લેતો હોય તથા શિક્ષક નિયમિત તાલીમ મેળવતો હોય વગેરે આધારીત પ્રવૃતિ પરથી મૂલ્યાંકન કરવાનુ રહેશે.
4. ઉક્ત ગુણાંકનની એકંદર બાબતો ધ્યાને રાખીને પ્રતિભાશાળી શિક્ષકની પસંદગી માટે ત્રણ નામોની યાદી સી.આર.સી તૈયાર કરીને તાલુકા સમિતિ સમક્ષ મુકશે અને તમામ હકીકતોને ધ્યાને રાખીને તાલુકા સમિતિ તટસ્થપણે એક નામ પસંદ કરશે.
5. તાલુકા સમિતિએ પસંદ કરેલ નામો જીલ્લા લેવલે એકત્રીત કરી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીને સુપ્રત કરવામાં આવશે. અને નામોની જાહેરાત નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણના સ્તરેથી થશે.

6. પહેલા અને બીજા સત્રો પુર્ણ થયા પછી એક મહિનામાં આ પ્રક્રિયા અનુસરી વર્ષમાં બે વખત શિક્ષકોની પસંદગી કરવાની રહેશે.

---

(ગ) સમયગાળો:

આવાં શિક્ષક/મુખ્ય શિક્ષકની પહેલા સત્રના અંતે અને બીજા સત્રના અંતે પસંદગી કરી,તેઓને બન્ને સત્રના અંતે સત્રદીઠ "પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર" એનાયત કરવાના રહેશે.

(ઘ) પસંદગી સમિતી:

"પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર" ની પસંદગી કરવા માટે નીચે મુજબ પસંદગી સમિતિની રચના કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | કન્વીનરશ્રી |
| ૨ | જે તે તાલુકાના બ્લોક રીસોર્સ કો-ઓર્ડિનેટર | સભ્યશ્રી |
| ૩ | સંબધિત પગાર કેન્દ્ર (પે સેન્ટર)ના કલસ્ટર્સ રીસોર્સ કો-ઓર્ડિનેટર | સભ્ય સચિવશ્રી |

૨. આ પ્રમાણપત્રને ભવિષ્યમાં તાલુકા, જીલ્લા અને રાજ્યકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પરિતોષીક માટે પૂર્વ લાયકાત ગણવાના સંબંધમાં માપદંડ (Criteria) તરીકે બનાવવાનું વિચારી શકાશે.

૩. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીએ આ ઠરાવની વિગતોથી દરેક શિક્ષક માહિતગાર રહે તે હેતુથી સંબંધિત તમામ કચેરીઓના ધ્યાન પર આ બાબત લાવવાની રહેશે અને આનુષંગિક કાર્યપધ્ધતિ માટે જરૂરી વહીવટી સુચનાઓ આપવાની રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર તા.૨૦/૦૬/૨૦૧૯ની નોંધથી સરકારશ્રીની મળેલ મંજુરીના અનુસંધાને બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ. ટી. મંડોરા)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ:

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર-
- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(માધ્યમિક શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર
- સર્વે જીલ્લાકલેક્ટરશ્રીઓ
- સર્વે જીલ્લાશિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ

(ઉપરના પાંચ માટે:) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત

- મહાલેખાકાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ, ગાંધીનગર
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર- વ્યાપક પ્રસિધ્ધીસારૂ
- કોમ્પ્યુટરસેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ.)
- સિલેક્ટ ફાઇલ

---